# આચાર્યની ભૂમિકા શું હોઇ શકે ?

અત્યારે ગુજરાતભરમાં પ્રાથમિક શાળામાં નવા નિયુક્ત થયેલ આચાર્ય માટેના તાલીમ વર્ગો ચાલી રહ્યા છે. જે આચાર્યો માટે ખૂબ જ આવકારદાયક બાબત બની રહેશે. આ લેખકે ભૂતકાળમાં પણ સરકાર સામે રજૂઆત કરેલ છે કે, કોઇપણ વ્યક્તિ આચાર્ય બને ત્યારે તેને વિશિષ્ટ પ્રકારની તાલીમ મળવી જોઇએ જ. અત્યાર સુધી આચાર્ય બન્યા પછી સેવાકાલીન તાલીમ આપવામાં આવતી હતી, પરંતુ સૌ પ્રથમવાર આચાર્યની જવાબદારી સ્વીકારતા પૂર્વે તાલીમ આપવામાં આવી રહી છે. સરકારનું પગલું મોડું છે, પણ આવકારદાયક છે. છતાં માધ્યમિક અને કોલેજકક્ષાના આચાર્યો માટે આવી વ્યવસ્થા નથી. હકીકતમાં રાજ્યકક્ષાએ એક તાલીમ સેન્ટર હોવું જોઇએ. જેમાં આચાર્ય માટેની તાલીમ અપાતી હોય. જ્યાં પ્રાથમિકથી લઇને કોલેજકક્ષા સુધીના આચાર્યોની જરૂરિયાતને ધ્યાને લઇને તાલીમ અપાય. આવી તાલીમ મેળવનારને જ આચાર્ય તરીકે પસંદ કરવા જોઇએ. આજે માધ્યમિક અને કોલેજકક્ષાએ આવી કોઇ વ્યવસ્થા નહીં હોવાથી આચાર્ય બનનાર વ્યક્તિ અન્યને પૂછીને કે પોતાની માન્યતાને આધારે નિર્ણય લે છે. જેમાં ઘણી ખામીઓની હાજરી અને નવીનતાની ગેરહાજરી જોવા મળે છે. તે જ્યારે અનુભવને આધારે પાકો આચાર્ય બને ત્યારે તો નિવૃત્તિની નજીક પહોંચી ગયો હોય છે.  જે નવું કરવા કરતાં બાકીના વર્ષો શાંતિથી નોકરી પૂરી કરવામાં જ માને છે. માટે માધ્યમિક તેમ જ કોલેજકક્ષાએ શક્ય તેટલી વહેલી આચાર્ય માટે તાલીમની વ્યવસ્થા ગોઠવાય તે ગુજરાતના શિક્ષણના હિતમાં છે.

ગત મંગળવારના રોજ અમદાવાદમાં અમદાવાદ ગ્રામ્ય ડાયટ અંતર્ગત સાણંદ અને બાવળા તાલુકામાં નવનિયુક્ત આચાર્યોને સંબોધવાની તક મળી ત્યારે તેમની સામે આચાર્ય અંગે વ્યક્ત કરેલ વિચારોના કેટલાક અંશ  અહીં રજૂ કરું છું. જે અન્ય નવનિયુક્ત આચાર્યોને પણ ઉપયોગી થઇ પડશે તેવો વિશ્વાસ છે.  નેતા કોને કહીશું ? નક્કી કરેલા ધ્યેયો- હેતુઓ પ્રાપ્ત કરવા માટે માર્ગદર્શન અને દિશા આપે તે નેતા.શૈક્ષણિક નેતૃત્ત્વ ત્રણ વ્યકિત પાસે જોવા મળે છે- સંચાલક કે ટ્રસ્ટી(સરકાર કે સમાજ), આચાર્ય અને શિક્ષક. આચાર્યએ શાળાનું નેતૃત્ત્વ કરવાનું છે તો શિક્ષકે વર્ગખંડનું નેતૃત્ત્વ કરવાનું છે. આચાર્ય અને શિક્ષકના નેતૃત્ત્વની અસર ખૂબ જ ઝડપથી થાય છે અને તેનાં પરિણામો તાત્કાલિક જોવા મળે છે. જ્યારે સરકાર કે સમાજના નેતૃત્ત્વના પરિણામોની અસર લાંબાગાળે જોવા મળે છે. સારા નેતૃત્ત્વ માટે સત્તા અને સામર્થ્ય બંને જોઇએ. સત્તાથી આચાર્ય બનાય, પણ આચાર્યપણું સામર્થ્યથી આવે. જો સામર્થ્ય નહીં હોય તો આચાર્ય બન્યા પછી પણ શિક્ષકોના માર્ગદર્શન નીચે જ ચાલવું પડશે. ઉપરાંત લોકો સત્તા સામે વિરોધ કરશે પણ સામર્થ્ય સામે તો ઝૂકશે જ. આચાર્યનો પ્રભાવ હોવો જોઇએ, દાબ ન હોવો જોઇએ

પ્રભાવ એ સ્વભાવને કારણે આવે છે. પ્રભાવ વધારવા અનુયાયીઓ માટે ભાવ વધારો. લોકો નેતાને એટલા માટે અનુસરે છે કે, તેમણે તેમનો વિશ્વાસ પ્રાપ્ત કર્યો હોય છે અને આદર કરેલ હોય છે. લીડરશીપ એ કૌશલ્ય કરતાં વર્તનનો સમૂહ છે. તમારામાં કયા કૌશલ્ય છે તેના કરતાં તમે કેવું વર્તન કરો છો તેની પર લોકોનું ધ્યાન વધુ હોય છે. તેના કારણે જ લોકો-અનુયાયીઓ તમને સહકાર આપશે.

આચાર્યની ભૂમિકા શું હોઇ શકે ? શાળા પાસે સમાજ, સરકાર, શિક્ષકો, વિદ્યાર્થી અને વાલીની અપેક્ષા પૂર્ણ કરવાની. આ ભૂમિકા  કોને નકકી કરવાની ? આજે તો આચાર્ય પોતે જ પોતાની ભૂમિકા નક્કી કરે છે કે તેનું કામ કયું અને કેટલું! આચાર્યની મુખ્ય ફરજ તો શાળા-કોલેજને સંભાળવાની છે. હેતુઓ પૂર્ણ

કરવાના છે. મોટાભાગના આચાર્ય પોતાને શાળા-કોલેજના વહીવટકર્તા તરીકે જૂએ છે. એ ખ્યાલ ખોટો નથી, પણ અધૂરો જરૂર છે. આચાર્યનું કામ ક્યારે ઘંટ વગાડવો? મસ્ટરમાં લાલ સહીથી શેરો કરવો, પગારબીલ મોકલવું, જે શિક્ષક વર્ગમાં નિયમિત ન જતાં હોય તેમને ટોકવા વગેરે હોત તો તે કામ તો એક ગ્રેજ્યુએટ થયેલ વ્યક્તિ પણ કરી શકે આ માટે દસ વર્ષના શિક્ષકને ખતમ કરી નાંખવાની જરૂર નથી. આચાર્યએ વહીવટદાર નહીં, શિક્ષણદાર બનવાનું છે. શિક્ષકમાંથી આચાર્ય બન્યાં પછી, કેટલાક આચાર્ય શિક્ષક મટી જતાં હોય છે! આચાર્યએ સંસ્થામાં રચી બતાવવાનું છે, ચરી બતાવવાનું નથી. ઝડપથી વિકાસ સાધવા માટે આધુનિક ટેનોલોજીનો ઉપયોગ ાતિ આવશ્યક છે. જેનાથી કામ ઝડપી અને ગુણવત્તાયુક્ત બનશે. આ માટે તમારી ઓફિસથી લઇને વર્ગખંડ તેમજ બાળકના ઘર સુધી ટેકનોલોજીનો ઉપયોગ કરવો અત્યંત જરૂરી બની રહેશે. સંસ્થામાં ટીમવર્કથી જેટલું કામ થશે તેટલું કામ એકલદોકલથી ક્યારેય નહીં થાય. ટીમ ઊભી કરવી, તેમને પ્રોત્સાહન અને હિંમત આપી ધાર્યું કામ કરાવી શકશો અને સંસ્થાના હેતુઓ પૂરા કરી શકશો. જો તમે કોઇ વ્યકિતને હડધૂત કરો, તો કદી પણ તેની પાસેથી અપેક્ષિત પરિણામોની આશા ન રાખી શકો. તેવી જ રીતે તેનું અપમાન કરો અને ધિક્કારો, તો તેની પાસેથી સર્જનાત્મકતાની આશા પણ ન રાખી શકો. ભલે એક ચોક્કસ ધ્યેય પ્રોજેક્ટ નેતા માટે સ્પષ્ટ હોઈ શકે, અને તેને સિદ્ધ કરવા તે યોગ્ય માર્ગદર્શન આપવા પણ સક્ષમ હોય, છતાં આ ધ્યેય જો નીચેની વ્યક્તિઓને સ્પષ્ટ ન હોય, તો તેઓ તેનો વિરોધ પણ કરે. અહીં જ નેતાનું મહત્ત્વ છે, જે અસરકારક માર્ગદર્શન પૂરું પાડે છે.

આચાર્ય સારા વક્તા બનવા કરતાં સારા શ્રોતા બનશે તો સફળતા વધુ પ્રમાણમાં અને ઝડપી મળશે. આચાર્ય જો શિક્ષક અને વિદ્યાર્થીઓનું સાંભળશે તો તેઓ આચાર્યનું સાંભળશે. આચાર્યશ્રીએ શું સાંભળવું? ક્યારે સાંભળવું ? કોનું સાંભળવું વગેરે ગુણો ખીલવવા જેવા છે. શાળા-કોલેજોમાં અનેકવાર અનેક પ્રશ્નો ઊભા થતા હોય છે જેમાં ઘણાં સૂચનો આવતાં હોય છે. ત્યારે ઉપરોક્ત વિચાર ખૂબ જ ઉપયોગી થઇ પડશે. બોલવાથી આપણા જ્ઞાનનો લાભ બીજાને થાય છે, સાંભળવાથી બીજાનું જ્ઞાન આપણને મળે છે. જે સંસ્થામાં વિચારો વ્યક્ત કરવાની કે સૂચનો કરવાની સ્વતંત્રતા ન હોય તે સંસ્થા ક્યારેય વિકાસ સાધી ન શકે. આચાર્યના વર્તન અને વચનના આધારે માત્ર તેમની ઇમેજ બંધાતી નથી, સમગ્ર સંસ્થાની ઇમેજ બંધાય છે. શાળાનું વાતાવરણ કૌટુંબિક અને લોકશાહીભર્યું હશે તો સૌને કામ કરવાની મજા પડશે, આનમદ આવશે. આ મજા અને આનમદ જ સંસ્થાને પ્રગતિના રસ્તા પર સતત ચાલતી રાખે છે. નિયમથી નિરાધાર બનાવ્યા કરતાં પ્રેરણાથી પ્રોત્સાહિત કરવાથી પરિણામ મળશે. શિક્ષકો શું નથી કરતાં તેના બદલે શું કરે છે તેની નોંધ લઇ વધારે પ્રોત્સાહિત કરી માર્ગ ચીંધનાર ખરો આચાર્ય છે. અંતે તમે જ્યારે શિક્ષક તરીકે હતા ત્યારે તમારા આચાર્ય પાસે કેવા વર્તનની અપેક્ષા રાખતા હતા ? તેમની કઇ બાબતો ગમતી ન હતી કે નહોતી ગમતી ? તમે તે પ્રમાણે તમારા વર્તનમાં સુધારો લાવશો તો તમે ધાર્યું નિશાન પાર પાડી શકશો.